ક્રિમીનલ પરચુરણ અરજી નં.૩૩૦/૨૦૨૬

સામાવાળા નં.૨ થી ૮ તરફે રજુ આંક–૨૩ ની અરજી લગત હુકમ :

===================================================

૧. આ અરજી સામાવાળા નં.૨ થી ૮ તરફે આપવા માં આવેલ છે. આ અરજી માં જણાવ્યા મુજબ ની હકીકત એવી છે કે, આ કેસ ની મુળ અરજી વિરૂધ્ધ સામાવાળા નં.૨ થી ૮ ના એ નામદાર ગુજરાત હાઈકોર્ટ માં સ્પે.ક્રીમીનલ એપ્લીકેશન નં.૪૦૦૧/૨૦૨૬ દાખલ કરેલ છે,જે કેસ માં તારીખ ૨૩/૦૪/૨૦૨૬ ના રોજ આ કેસ બંને તરફવાળા વકીલો ની સમંતિ થી સમાધાન માટે મીડીયેશનમાં મેટર મોકલવા રજુઆત કરેલ અને જેથી નામદાર કોર્ટે સુનાવણી પેન્ડીંગ રાખેલ અને સદર મેટર મીડીયેશન માં મોકલેલ તથા મીડીયેશન રીપોર્ટ નામદાર ગુજરાત હાઈકોર્ટ માં જમા રજુ થયેલ નથી અને જયાં સુધી નામદાર ગુજરાત હાઈકોર્ટ માં મીડીયેશન રીપોર્ટ રજુ ન થાય ત્યાં સુધી આ કોર્ટ કોઈ પ્રોસીડીંગ્સ આગળ ન ચલાવી,નામદાર ગુજરાત હાઈકોર્ટ માં મીડીયેશન રીપોર્ટ સબમીટ થયા બાદ સદર કેસ ની કાર્યવાહી આગળ ચલાવવા વિનંતી છે. આ સંજોગો માં સબબ અરજ કરવાની કે સદર કામ નામદાર ગુજરાત હાઈકોર્ટ માં દાખલ કેસ ની તારીખ.૩૦/૦૭/૨૦૨૬ પછી ની મુદતે રાખવા નમ્ર વિનંતી છે. આ અરજી સાથે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તારીખ.૨૩/૦૪/૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ હુકમ ની નકલ પણ રજુ રાખેલ છે.

૧.૧ અત્રે એ નોંધવુ જરૂરી છે કે, ઉપરોકત વિગત ની અરજી અત્રે ની કોર્ટ રૂબરૂ તારીખ ૦૯/૦૭/૨૦૨૬ ના રોજ રજુ રાખવામાં આવેલ છે. આ કામે અરજદાર તરફે આંક–૪ થી અરજી આપી, સામાવાળાઓ નં.૧ થી ૯ ના ઓ અરજદાર ને હાલ ના મકાન કે જેમાં અરજદાર રહે છે તે મકાન ખાલી કરે કરાવે નહી કે બહાર કાઢે કઢાવે નહી કે તે મીલકત કોઈને વેચે વેચાવે નહી તેવો મનાઈ હુકમ માંગતી અરજી મુળ અરજી સાથે જ તારીખ ૦૨/૦૩/૨૦૨૬ ના રોજ રજુ રાખેલ.જે અન્વયે નોટીસ નો હુકમ કરવા માં આવેલ.

૧.૨ આ કેસ માં ત્યારબાદ સામાવાળાઓ હાજર થયેલ.આ કેસ સામાવાળાઓ

તરફે જવાબ રજુ થવા તેમજ આંક-૪ ની સુનાવણી માટે રાખેલ હતો.સામાવાળા તરફે આંક-૯ થી રજુ મુદત અરજી સાથે નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ દાખલ કરેલ સ્પે.ક્રીમીનલ એપ્લીકેશન નં.૪૦૦૧/૨૦૨૬ ની નકલ રજુ રાખેલ છે.

૧.૩ આ કેસ માં તારીખ.૦૭/ ૦૭/૨૦૨૬ ના રોજ આંક-૪ ની અરજદાર તરફે સુનાવણી કરવામાં આવેલ અને સામાવાળા નં.૧ તરફે વિદ્વાન વકીલશ્રી એ આંક-૧૮ થી મુદત અરજી આપેલ અને તે અરજી લગત ના હુકમ મુજબ,સામાવાળાઓ તરફે આંક-૪ અંગે તારીખ.૦૯/૦૭/ ૨૦૨૬ ના રોજ લેખીત દલીલો રજુ રાખવાનો હુકમ કરેલ. આ ઉપરાંત સામાવાળા નં.૨ થી ૮ દ્વારા આ કેસ તારીખ.૩૦/૦૭/૨૦૨૬ પછી રાખવા આંક-૧૯ થી અરજી આપેલ,જે અંગે આંક-૧૮ લગત હુકમ મુજબ નો હુકમ ઠરાવી આ કેસ તારીખ.૦૯/૦૭/૨૦૨૬ ના રોજ રાખવામાં આવેલ.તારીખ.૦૯/૦૭/ ૨૦૨૬ ના રોજ,સામાવાળા નં.૧ તરફે આંક-૨૦ થી અને સામાવાળા નં.૨ થી ૮ તરફે આંક-૨૧ થી આંક-૪ ની અરજી વિરૂદ્દ્ય લેખીત જવાબ રજુ કરવામાં આવેલ છે અને તે સાથે સામાવાળા નં.૨ થી ૮ તરફે હાલ ની આંક-૨૩ ની અરજી રજુ કરવામાં આવેલ છે. જે અરજી રજુ થતા,અરજદાર ને આંક-૨૩ ની અરજી અંગે સોગંદનામા થી જવાબ રજુ કરવા માટે હુકમ કરેલ છે.

૧.૪ અરજદાર તરફે તેઓ ની હકીકત અંગે આંક-૨૪ થી સોગંદનામા થી આંક-૨૩ ની અરજી વિરૂદ્દ્ય જવાબ તારીખ.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ આપેલ છે અને તારીખ ૧૦/૦૭/૨૦૨૬ ના રોજ સામાવાળા નં.૨ થી ૮ તરફે આંક-૨૫ થી અલાયદી અરજી રજુ કરેલ છે અને તે અરજી માં જણાવેલ છે કે,નામદાર ગુજરાત હાઇકોર્ટે મીડીયેશન માં તા.૨૩/૦૪/ ૨૦૨૬ ના રોજ મોકલેલ અને રીર્ટનેબલ તારીખ.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ રાખેલ.નામદાર સુપ્રીમ કોર્ટના જજમેન્ટ સિવિલ અપીલ નં.૧૦૯૫/૨૦૦૮ મુજબ મીડીયેશન રીપોર્ટ કોન્ફીડેન્શીયલ અને સીલબંધ કવર માં નામદાર કોર્ટ માં રજુ થતો હોય અને નામદાર કોર્ટ ડીસાઇડ કરતી હોય,મીડીયેશન ફેલ ગયુ કે સકસેશ. આમ મીડીયેશન રીપોર્ટ નામદાર ગુજરાત હાઇકોર્ટ માં તારીખ ૩૦/૦૭/૨૦૨૬ ના રોજ

રજુ થશે.જેથી સદર કામ નામદાર ગુજરાત હાઈકોર્ટ ની રીર્ટનેબલ તારીખ ૩૦/૦૭/૨૦૨૬ પછી રાખી કામ આગળ ચલાવવા વિનંતી છે.અરજદાર કયા આધાર પુરાવાને આધારે મીડીયેશન પુરૂ થઈ ગયેલ છે તેવી જાહેરાત કરે છે તેવા પુરાવા અપાવવા વિનંતી કરેલ છે.તેમજ જો કોઈ આધાર પુરાવા વગર નામદાર કોર્ટ માં ખોટું એફીડેવીટ રજુ થાય તો આ કામના અરજદાર વિરૂઘ્ધ પગલા લેવા વિનંતી કરેલ છે.

૨. ઉપરોકત રેકર્ડ પર ની હકીકતો આ અરજી ના નિર્ણય હેતુ લક્ષ માં લીધી. આંક–૨૩ ની અરજી સાથે નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા તારીખ. ૨૩/૦૪/૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ હુકમ ની નકલ પણ રજુ રાખેલ છે.જે હુકમ મુજબ નામદાર હાઈકોર્ટ દ્વારા આ કેસ વિરૂઘ્ધ સામાવાળા નં.૨ થી ૯ દ્વારા દાખલ કરેલ,સ્પે.ક્રીમીનલ એપ્લીકેશન નં.૪૦૦૧/૨૦૨૬ ના રોજ તારીખ.૨૩/૦૪/૨૦૨૬ ના રોજ હુકમ કરી,આ કેસ મીડીયેશન માં રીફર કરેલ છે અને તેની હવે પછીની મુદત તારીખ.૩૦/૦૭/૨૦૨૬ છે. આ કેસમાં અરજદાર તરફે ની દલીલ મુજબ મીડીયેશન ની કાર્યવાહી પુર્ણ થઇ ગયેલ છે.આ અંગે સામાવાળા તરફે નામદાર સુપ્રીમ કોર્ટ ના સિવિલ અપીલ નં.૧૦૯૫/૨૦૦૮ MOTI RAM (D) TR. LRS. & ANR. Versus ASHOK KUMAR & ANR. નો તારીખ ૦૭/૧૨/૨૦૧૦ નો ચુકાદો (Reported in [2010] 14 (ADDL.) S.C.R. 809 ) માનસહ વંચાણે લીધો. આ ચુકાદા માં નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે કે,

In this connection, we would like to state mediation proceedings are totally confidential proceeding. This is unlike proceedings in Court which are conducted openly in the public gaze. If the mediation succeeds, by both the parties to the Court without mentioning what transpired during the mediation proceedings. If the mediation is unsuccessful, then the mediator should only write one sentence in his report and send it to the Court stating that the 'Mediation has been unsuccessful'. BeyondJhat, the mediator should not write anything which was discussed, proposed or done during the mediation proceedings. This is because in mediation, very often, offers, counter offers and proposals are made by the parties but until and unless the

parties reach to an agreement signed by them, it will not amount to any concluded contract. If the happenings in the mediation proceedings are disclosed, it will destroy the confidentiality of the mediation process.

ઉપરોકત ચુકાદો માનસહ વંચાણે લીધો. આ ચુકાદા માં નામદાર સુપ્રીમ કોર્ટ એ ઠરાવેલ છે કે,સામાન્ય અદાલતી કાર્યવાહીથી વિપરીત, મધ્યસ્થી (Mediation) એ સંપૂર્ણપણે કોન્ફીડેન્શીયલ પ્રોસેસ છે. અદાલત ની કાર્યવાહી ખુલ્લી કોર્ટ માં ચાલતી હોય છે, જ્યારે મધ્યસ્થીની કાર્યવાહી માં ગુપ્તતા જ તેની સફળતાનો મુખ્ય આધાર છે. જો મધ્યસ્થી દરમિયાન થયેલી ચર્ચાઓ કે ઘટનાઓ સાર્વજનિક કરવામાં આવે, તો તે આખી પ્રક્રિયાના મૂળ ઉદ્દેશ્ય ને વિફળ કરે છે.

૨.૧ આ કેસ માં નામદાર હાઈકોર્ટ સમક્ષ સામાવાળા નં.૨ થી ૯ ના એ દાખલ કરેલ સ્પે.ક્રીમીનલ એપ્લીકેશન નં.૪૦૦૧/૨૦૨૬ ના પ્રોસીડીંગ્સ હાલ ના કેસ અંગે જ દાખલ કરેલ છે. નામદાર હાઈકોર્ટ માં તારીખ.૨૩/૦૪/૨૦૨૬ ના આદેશ મુજબ મીડીયેશન માટે મોકલવામાં આવેલ અને તે અંગે ની હવે પછી ની મુદત તારીખ.૩૦/૦૭/૨૦૨૬ છે. આ સંજોગો માં નામદાર સુપ્રીમ કોર્ટ ના ચુકાદા માં ઠરાવ્યા મુજબ, મીડીયેશન ની કાર્યવાહી અંગે મીડીયેટરે રીપોર્ટ કરવાનો હોય છે અને તે રીપોર્ટ માં મીડીયેશન પ્રોસીડીંગ્સ બાબત ની ગૃપ્તતા જાળવવાની હોય છે. આમ, મીડીયેશન પ્રોસીડીંગ્સ અંગે ગૃપ્તા જાળવવાની હોય છે અને આ કેસ માં નામદાર હાઈકોર્ટ સમક્ષ જયારે આ જ કેસ સંદર્ભે ની કાર્યવાહી પેન્ડીંગ હોય અને તેમાં મીડીયેશન રીપોર્ટ રજુ થવા માટે છે. ઉપરોક્ત ચર્ચા મુજબ,આ કેસ સંદર્ભે નામદાર હાઈકોર્ટ સમક્ષ સામાવાળા નં.૨ થી ૯ દ્વારા સ્પે.ક્રીમીનલ એપ્લીકેશન કરેલ છે અને તેમાં મીડીયેશન માટે મુકેલ અને તેની હવે પછી ની તારીખ.૩૦/૦૭/૨૦૨૬ છે અને નામદાર હાઈકોર્ટ સમક્ષ મીડીયેટર નો રીપોર્ટ રજુ થવા માટે છે. ઉપરોકત હકીકતો લક્ષ માં લેતા,નામદાર હાઈકોર્ટ સમક્ષ મીડીયેશન કાર્યવાહી અંગે નો મીડીયેટરશ્રી દ્વારા રીપોર્ટ રજુ કરવા માં આવે ત્યાં સુધી, આ કેસ ની કાર્યવાહી આગળ ચલાવવી એ મીડીયેશન ની કાર્યવાહી માં ગૃપ્તતા જાળવવા ના સિધ્ધાંત ની વિરૂધ્ધ ની અને મીડીયેશન અંગે ની કાર્યવાહી

ના ઉદ્દેશ ની વિરૂદધ ની ગણાય. જેથી, આ કેસ ની આંક-૪ ની સુનાવણી અંગે ની કાર્યવાહી નામદાર હાઈકોર્ટ સમક્ષ ની તા.૩૦/૦૭/૨૦૨૬ ની કાર્યવાહી સુધી સ્થગીત રાખવી જોઈએ તેવુ ઉપરોકત જણાવેલ કારણોસર આ કોર્ટ નુ નમ્રપણે માનવુ છે. આથી,ઉપરોકત ચર્ચા મુજબ ના કારણોસર હાલ ની અરજી મંજુર કરવામાં આવે છે અને નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

આથી,સામાવાળા નં.૨ થી ૮ ની આંક-૨૩ ની અરજી મંજુર કરવામાં આવે છે. આ કેસ માં હવે પછી ની મુદત તારીખ.૦૩/૦૮/૨૦૨૬ ઠરાવવામાં આવે છે.

આ હુકમ આજ તા.૧૬, માહે-જુલાઈ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

[દર્શકકુમાર દિનેશચંદ્ર શાહ]
પ માં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧ -અમદાવાદ શહેર

અમદાવાદ Code-GJ00956